# ECHO OF HIS CALL

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE

REACHING NATIONS

## સાદનો પ્રતિસાદ

GUJARATI

India's National Spiritual Newspaper

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXVI | YEAR OF OUR LORD JESUS CHRIST, 2024 JUNE | NO: 04


### પવિત્ર બાઈબલ

**કૃપા કરી આ ભાગ મોઢે કરો પ્રભુની સ્તુતિ થાઓ!!**

**નીતિવચનો ૨૧:૧-૧૦**

૧. પાણીના પ્રવાહ જેવું રાજાનું મન યહોવાના હાથમાં છે, તે જ્યાં ચાહે ત્યાં તેને વાળે છે.

૨. માણસનો દરેક માર્ગ તેની પોતાની નજરમાં તો પાધરો (દેખાય) છે; પણ યહોવા અંતઃકરણોની તુલના કરે છે.

૩. ન્યાય તથા નેકીનાં કૃત્યો કરવાં તે યજ્ઞ કરતાં પણ યહોવાને વધારે પસંદ છે.

૪. અભિમાની આંખ તથા ગર્વિષ્ઠ હૃદય, તે દુષ્ટોને દીવારૂપ છે, પણ તે પાપ છે.

૫. ઉદ્યોગીના વિચારોનું પુષ્કળ ફળ મળે છે; પણ દરેક ઉતાવળિયો કેવળ નિર્ધન થાય છે.

૬. જૂઠી જીભથી ધન સંપાદન કરવું એ આમતેમ ઘસડાઈ જતા ધુમાડા જેવું છે; એવું (કરનાર) મોત માગે છે.

૭. દુષ્ટોનો બલાત્કાર તેઓને પોતાને જ ઘસડી નાખશે; કેમ કે તેઓ ન્યાય કરવાની ના પાડે છે.

૮. ગુનાના ભારથી લદાયેલાનો માર્ગ ઘણો જ વાંકોચૂંકો છે; પણ પવિત્રનું કામ તો સરળ છે.

૯. કજિયાખોર સ્ત્રીની સાથે વિશાળ ઘરમાં રહેવા કરતાં અગાસીના એક ખૂણામાં રહેવું તે સારું છે.

૧૦. દુષ્ટનો આત્મા ભૂંડું ઈચ્છે છે; તેની નજરમાં તેનો પડોશી પણ કૃપાપાત્ર દેખાતો નથી.

# પ્રભુને તેનો તમારો! THE LORD NEEDS YOU!

*માનદ્ મુખ્ય સંપાદક - રેવ. એન્જેલાઈન સેલ્વાકુમારી*

મારા બધા **ઈકો ઑફ હીજ કોલ**ના વિસ્તારીત પરિવારના સભ્યોને શુભેચ્છાઓ!



હું માની શકતી નથી કે આપણે અત્યાર સુધીમાં જ ૨૦૨૪નો પ્રથમ અર્ધો ભાગ આટલી ઝડપથી પૂર્ણ કરી રહ્યા છીએ. સમય ઘણો ઝડપથી પસાર થઈ રહ્યો છે. મને લાગે છે કે તેથી જ બાઈબલ આપણને આપણા સમયનો સમજદારીપૂર્વક ઉપયોગ કરવાનું શીખવે છે. **તમારા સમયનો સદુપયોગ કરો.** (એફેસીઓને પત્ર ૫:૧૬). સમયને ઈસુ ખ્રિસ્ત કરતાં વધુ સારી રીતે કોઈ જાણી શકતું નથી. તેઓ જાણતા હતા કે તેમનો જગતમાં આવવાનો હેતુ છે તેને ક્યારે ગુપ્ત રાખવાનો છે અને ક્યારે જગતને જાહેર કરવાનો છે.

માર્ક ૧૧માં ઈસુ ખ્રિસ્તનો યરૂશાલેમમાંનો પ્રવેશ એ એક મહત્વપૂર્ણ ઘટના છે. ત્યાં સુધી, ઈસુ ખ્રિસ્તે જાહેરમાં કબૂલ કર્યું ન હતું કે તેઓ મસીહા છે. પણ જ્યારે તેઓ ગધેડા પર સવાર થઈને યરૂશાલેમમાં પ્રવેશ્યા, ત્યારે તેમણે ઝખાર્યા ૯:૯ની ભવિષ્યવાણીને પરિપૂર્ણ કરીને




ઈકો ઓફ હીજ કોલ

ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !

પાળક એસ. સામ સેલ્વરાજ સાથે

પ્રાર્થના કરવાની એક તક!

પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!

અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ


દરરોજ - સવારે ૨.૦૦ વાગે થી

તમિલ રવિવારની ભજનસેવા - સવારે ૮.૩૦ વાગે

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

*from your dearly beloved brother...*

REACHING NATIONS





**"યહોવાનું ગૌરવ સર્વકાળ ટકો; પોતાનાં સર્વ કામોથી યહોવા આનંદ પામો."**
ગીતશાસ્ત્ર ૧૦૪:૩૧

## આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઇએ અને શીખવવું જોઇએ. આ સમયની જરૂરિયાત છે.

ખ્રિસ્તમાં પ્રિય વહાલાઓ, !

અમે આપણા પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્તના સૌથી અદ્ભૂત નામમાં તમને શુભેચ્છાઓ પાઠવીએ છીએ!

જેમ તમે જાણો છો, અમે બહાર જતા વિદ્યાર્થીઓ માટેના ૧લી જૂનના રોજના થયેલા પદવીદાન સમારોહ પછી ૩જી જૂન, ૨૦૨૪ના રોજ ચેપોક (માધ્યમ તામિલ), સંથોષપુરમ (માધ્યમ તામિલ) અને વેલાચેરી (માધ્યમ હિન્દી, નિવાસી) માંની અમારી **નહેમ્યા બાઈબલ કોલેજો**ને ફરીથી ઉઘાડવામાં વ્યસ્ત છીએ. બહાર જતા વિદ્યાર્થીઓ વિવિધ સ્થળોએ નવા મિશન કામો શરૂ કરશે જ્યાં કોઈ ચર્ચ કે મંડળી નથી. આ માટે પ્રાર્થના કરશો.

અમને અમારી હિન્દી માધ્યમની **નહેમ્યા બાઈબલ કોલેજ** માટે M.Div., અથવા M.th.ની લાયકાત ધરાવતા વ્યાખ્યાતાઓની, લેક્ચરર્સની જરૂર છે, ઉપરાંત અમને અમારી હિન્દી માધ્યમ **નહેમ્યા બાઈબલ કોલેજ** માટે વધુ વિદ્યાર્થીઓની જરૂર છે.

અમારી અંગ્રેજી માધ્યમની ક્રિશ્ચિયન સ્કૂલ, **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ** માટે પૂરતા વિદ્યાર્થીઓ મેળવવા માટે પણ કૃપા કરીને પ્રાર્થના કરશો. અમે સારા આત્મિક આગેવાનો પેદા કરવાનો પ્રયાસ કરીએ છીએ અને વણખેડાયેલા વિસ્તારોમાં ચર્ચોને, મંડળીઓને સ્થાપીએ છીએ. અમને તમારી પ્રાર્થનાના સમર્થનની જરૂર છે.

ધીમે ધીમે ઈશ્વરનું કાર્ય વિસ્તરી રહ્યું છે, ત્યારે અમે પણ અમુક પ્રકારના આત્મિક યુદ્ધનો સામનો કરી રહ્યા છીએ. અમારા મોટાભાગના કામદારો અથવા તેમના પરિવારના સભ્યો ગંભીર બીમારીઓથી પીડાય છે અને તેથી તેઓને તેમના સેવાકાર્યોમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલી પડી રહી છે.

કૃપા કરીને તમારી પ્રાર્થનાઓ અને સ્વૈચ્છિક દાનો દ્વારા અમને મદદ કરશો. ભંડોળના અભાવને કારણે અમે અમારા મોટાભાગના બહારી વિસ્તારના કાર્યકરોને અમારો ટેકો અને પગાર મોકલી શક્યા ન હતા. અમે બધા અમારી જરૂરિયાતો માટે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની દ્રષ્ટિ તરફ નિષ્ઠાપૂર્વક જોઈ રહ્યા છીએ.

અમે તમારા માટે પ્રાર્થના કરી રહ્યા છીએ.

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**
**પાળક એલેક્ષ સેમસન સામ**
**પાળક એસ. સામ સેલ્વ રાજ**

(+91) 98412 71858 / 98410 71858, E.mail : sam@echoofhiscall.org

HON. EDITOR-IN-CHIEF
Rev. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.
HON. MANAGING EDITOR
Pastor Alex Samson Sam, B.Th., M.Div.
GENERAL MANAGER
Bro. N. Prakasam, M.A., M.Sc.(C&P), PGDHRM, MBA.
ADMINISTRATION
Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)
EDITORIAL BOARD
Dr. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Sis. L. Mariya Anjalin, M.A., M.Sc., B.Ed.
Rev. Dr. K.R. Rajasekaran

EDITOR, PUBLISHER & PRINTER
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858 95661 31858
E.MAIL
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in
WEBSITES
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com
YOUTUBE CHANNEL
Echo of His Call

**"અને તેઓ વછેરાને ઈસુની પાસે લાવ્યા, ને તેના પર પોતાનાં લૂગડાં નાખ્યાં; અને તેના પર તે બેઠો. અને ઘણાઓએ પોતાનાં લૂગડાં રસ્તામાં પાથર્યાં; અને બીજાઓએ ખેતરમાંથી ડાળીઓ કાપીને રસ્તામાં પાથરી."**

(માર્ક ૧૧:૭-૮)



*પરમ ઊંચામાં હોસાન્ના!*

Our Ministries: ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) BIBLECOR - Postal Courses (3 languages) YouTube Ministry Online Courses Theological Correspondence Courses (2 languages) Church Planting Nehemiah Bible Colleges Gospel Printing Press Great Commission Partners St. Paul's Matriculation School Crusades Community Development

## કૃપા કરીને ધ્યાન આપો : ઈકો ઓફ હીજ કોલના વાચકોને

અમારા પાંચ મિનિટના ઈકો ઓફ હીજ કોલ યૂટ્યૂબ સંદેશાઓ સવારે ૨.૦૦ વાગેથી તામિલ, તેલગુ, અંગ્રેજી અને હિન્દીમાં (દરરોજ) પ્રસારીત કરવામાં આવે છે. તમે આ સંદેશાઓ સાંભળીને ઈશ્વરની કૃપા મેળવી શકો છો.
વધુમાં તમે મારા મોબાઈલ નંબરો (+૯૧)૯૮૪૧૦૭૧૮૫૮, +૯૧(૯૮૪૧૨૭૧૮૫૮) તમારા મોબાઈલમાં સેવ કરી રાખશો.

**પાળક એસ. સામ સેલ્વરાજ**

જાહેરમાં પોતાને મસીહા તરીકે જાહેર કર્યા હતા.

ઈસુ ખ્રિસ્ત સારી રીતે જાણતા હતા કે તેમની સાથે શું થવાનું છે, તેમ છતાં તેમણે આ મુસાફરી કરી હતી કારણ કે તેઓ જાણતા હતા કે તે યોગ્ય સમય છે. ઉલ્લાસ, ગાયન અને સ્તુતિ સાંભળીને, ઈસુ ખ્રિસ્ત જાણતા હતા કે થોડા દિવસોમાં, તેમનું અપમાન કરવામાં આવશે, તેમના કપડાં ઉતારી લેવામાં આવશે, તેમના પર થૂંકવામાં આવશે, તેમને કોરડા મારવામાં આવશે અને વધસ્તંભ પર જડવામાં આવશે. કારણ કે તે જાણતા હતા કે વધસ્તંભ પર તેમનું મૃત્યુ આવનારી પેઢીઓ માટે આશીર્વાદરૂપ બનશે. તેમનું ભંગીતપણું સમગ્ર માનવજાત માટે ઉદ્ધાર લાવશે.

માર્કનો ૧૧મો અધ્યાય વાંચતી વખતે, ત્રણ શબ્દસમૂહોએ મારું ધ્યાન ખેંચ્યું :



*શિષ્યોને એક બાંધેલો ગધેડાનો વછેરો મળે છે!*

**'તે તેઓને કહે છે કે, સામેના ગામમાં જાઓ; અને તેમાં તમે પેસશો કે તરત એક ગધેડાનો વછેરો જેના પર કોઈ માણસ કદી બેઠું નથી, એવો તમને બાંધેલો મળશે; તેને છોડી લાવો.'** (માર્ક ૧૧:૨).

**૧. તેને શોધો!**
**૨. તેને છોડો!**
**૩. તેને લઈ આવો!**

## ૧. તેને શોધો!

ઈસુ ખ્રિસ્તે તેના બે શિષ્યોને મોકલ્યા હતા કે તેઓ જાય અને ગધેડાના વછેરાને શોધે. ગધેડો શાંતિનું પ્રતીક છે, સુલેમાન દ્વારા મિસરમાંથી મંગાવેલા ઘોડાઓથી વિપરીત, જે યુદ્ધનું પ્રતીક છે. ગધેડો નમ્રતાનું પણ પ્રતીક છે અને જે ભારે બોજ ઉંચકીને લઈ જાય છે. તે ખૂબ આકર્ષક નથી પરંતુ યહૂદીઓ દ્વારા તેમના ખેતરોમાં અને મિલોમાં તેનો ઘણો વધુ ઉપયોગ થાય છે.

શિષ્યોને ઈસુ ખ્રિસ્તની આજ્ઞા હતી કે જાઓ અને ગધેડાના વછેરાને શોધીને લઈ આવો.

ઈશ્વર હજુ પણ ગધેડા શોધવાના કામમાં છે (તમને અને મને). તેઓ હજુ પણ એવી વ્યક્તિની શોધમાં છે જે તેમને, તેમના વચનને અને હેતુને વહન કરી શકે. તેઓ એવા અત્યંત ગંભીરતાથી વ્યક્તિની શોધમાં છે કે જેની પાસે માલિક દ્વારા ઉપયોગમાં લેવા માટે સમય, ઈચ્છા અને ઉપલબ્ધતા હોય. તેઓ એક વ્યસ્ત માનવ સંસાધન વ્યવસ્થાપક, સંચાલક છે.

પણ જ્યારે શિષ્યો ગધેડાને શોધવા ગયા, ત્યારે તેઓને ગધેડો મળ્યો :

* બારણાં પાસે બાંધેલો હતો
* જ્યાં બે રસ્તાઓ મળે છે (રસ્તાના નાકાં પર)

આપણે, જેઓ ૨૦૨૪માં જીવી રહ્યા છીએ, બંધાઈ રહેવામાં વ્યસ્ત છીએ - ''તમે બાઈબલ અભ્યાસમાં કેમ આવ્યા નહિ?'' ''પાળક સાહેબ, હું કામ સાથે બંધાયેલો છું.'' ''ગયા અઠવાડિયે મેં તમને ચર્ચમાં જોયા નહોતા.'' ''માફ કરશો, પાળક સાહેબ, મારા અંગત કાર્ય અથવા કૌટુંબિક પ્રતિબદ્ધતાઓ સાથે બંધાયેલો છું ''શા માટે તમે આરાધનાની તાલિમમાં આવ્યા નહોતા?'' ''માફ કરશો, હું મારા અભ્યાસક્રમ સાથે બંધાયેલો હતો.'' કૃપા કરીને મને ખોટી ન સમજો; આ બધા મહત્વપૂર્ણ છે. પણ આપણે સમજવાની જરૂર છે કે શેતાને આપણને કેવી રીતે વ્યસ્ત રાખ્યા છે, કામ, કુટુંબ, સંબંધો, શિક્ષણ અને પૈસા કમાવવામાં.

લોકો વિચારે છે કે તેઓ જેટલું વધારે કમાય છે, તેટલી વધુ બચત કરી શકે છે. ના, તે સંપૂર્ણ બકવાસ છે; આપણે જેટલા વધુ પૈસા બનાવીશું, તેટલા ખર્ચાઓ વધુ થશે. લોકો કેટલીકવાર વસ્તુઓ ખરીદે છે અને લોન ચૂકવવા માટે લાંબા સમય સુધી કામ કરે છે, તેથી તેઓ જે ખરીદ્યું છે તેનો આનંદ માણવાનો તેમની પાસે સમય નથી.

ઈશ્વર એવા લોકોને શોધવાની પ્રક્રિયામાં અત્યંત ગંભીર છે કે જેઓ તેમને લઈ જઈ શકે, પણ તેઓ જુએ છે કે તે લોકો દરવાજા સાથે બંધાયેલા છે - કામના દરવાજા બનાવવામાં, ઘરો બનાવવાના દરવાજામાં, તેમના પોતાના સામ્રાજ્ય બનાવવામાં, તેમની સીમાઓ વિસ્તારવામાં.

શું તમે જાણો છો BUSY નો અર્થ શું છે? શેતાનની ઝૂંસરી હેઠળ રહેવું. તે આપણને સતત વ્યસ્ત રાખે છે જેથી આપણી પાસે પ્રાર્થના કરવા, બાઈબલ વાંચવા, ઉપવાસ કરવા, મનન કરવા, સંગતમાં રહેવા અને ચર્ચમાં જવાનો સમય નથી.

| | | |
|---|---|---|
| B | = | Being |
| U | = | Under the |
| S | = | Satan's |
| Y | = | Yoke |

**શેતાનની ઝૂંસરી તળે છે. આવો ઈશ્વર આપણને શેતાનની**



*ઈસુ ખ્રિસ્ત તમારી કાળજી રાખે છે*

**ઝૂંસરી હેઠળ વ્યસ્ત રહેવામાંથી બહાર આવવામાં, જે ભારે અને બોજારૂપ છે, અને તારનારની ઝૂંસરી હેઠળ આવવા માટે આપણને સહાય કરો. તેમની ઝૂંસરી સહેલ અને હલકી છે.** (માથ્થી ૧૧:૨૮-૩૦).

જો આપણે તારનારની ઝૂંસરી હેઠળ ન હોઈએ, તો આપણે શેતાનની ઝૂંસરી હેઠળ હોઈશું. જ્યારે આપણે શેતાનની ઝૂંસરી હેઠળ હોઈએ છીએ, ત્યારે આપણી પાસે આપણા કુટુંબ માટે, ઈશ્વર સાથેના આપણા અંગત સંબંધ માટે, આપણી મંડળીની પ્રતિબદ્ધતાઓ માટે સમય નથી હોતો. કદાચ તમે તે જ છો જે બે રસ્તાની અધવચ્ચે ઊભા છો, વ્યગ્રતામાં છો અને મૂંઝવણમાં છો. તમે બધી દિશામાંથી ખેંચતાણ અનુભવો છો, પસંદગી કરવામાં અસમર્થ છો. તમારી જાતને ઈસુ ખ્રિસ્તના હાથમાં સમર્પિત કરો, જેઓ તમારા માટે વધસ્તંભ પર મૃત્યુ પામ્યા હતા, જેમણે આપણી સઘળી પીડાઓ, ચિંતાઓ, નિષ્ફળતાઓ, શાપ અને શિક્ષાઓ પોતાના પર લઈ લીધી હતી. તેઓ આપણા માર્ગો સીધા અને સ્પષ્ટ કરી શકે છે.

અથવા તમે કદાચ કહી શકો, તમે જાણો છો, મેં બાળપણથી યહોવા પ્રભુની સેવા કરી છે. મારી સાથે શું થયું છે તે જુઓ; હું આને લાયક નથી. હું ઈશ્વરની નજીક આવવા માંગતો નથી; નજીક જવા અને દુઃખી થવા કરતાં હું તેમનાથી દૂર રહેવાનું પસંદ કરું છું.'' અમને વિશ્વ અને ઈશ્વર જોઈએ છે. હું તેમને દૂરથી અનુસરવાનું પસંદ કરું છું.

## દૂર રહીને!

બાઈબલ એક એવા માણસનું વર્ણન કરે છે જેણે ઈસુ ખ્રિસ્તનો દૂર રહીને પીછો



*પિતર દૂર રહીને તેમની પાછળ પાછળ ગયો.*

કર્યો હતો અને તે પછીની ઘટનાઓ કે જે બની હતી તે સમજાવે છે. દૂર રહીને ઈસુ ખ્રિસ્તને અનુસરવું એ જોખમી કાર્ય છે. તમે જલ્દી જ તમારી જાતને શોધી શકશો અથવા તમે પહેલેથી જ ઈશ્વરથી દૂર જવાના માર્ગ પર છો, તમે તમારા વિશ્વાસ સાથે દગો કરી રહ્યા છો. શું તમે અનુમાન કરી શકો છો કે કોણ હતો જે ઈસુ ખ્રિસ્તને દૂર રહીને અનુસરતો હતો ? હા, પિતર! – **''પણ પિતર દૂર રહીને તેમની પાછળ પાછળ ગયો.''** (માથ્થી ૨૬:૫૮).

દૂર રહીને અનુસરવાનું નિષ્ફળ થવાની તૈયારીમાં છે. જો તમે દૂર રહીને ઈસુ ખ્રિસ્તને અનુસરતા હોવ, તો તમારે નિર્ણય લેવો પડશે કારણ કે તમે બે રસ્તાની અધવચ્ચે ઊભા છો. ઈસુ ખ્રિસ્ત કહે છે, ''હું તમને શોધી રહ્યો છું'' તમે ગમે ત્યાં જાઓ તેઓ તમને શોધી લેશે!

## ૨. તેને છોડો!



જ્યારે શિષ્યો ગધેડાને શોધવા ગયા, ત્યારે તેઓએ તેને રસ્તાના ચોક પર ઊભો જોયો પણ તે બાંધેલો હતો!

આપણા ઈશ્વર સૌમ્ય ઈશ્વર છે; તેઓ પોતાની જાતને ક્યારેય કોઈના પર દબાણ કરશે નહિ. તેમનો આપણા માટેનો પ્રેમ એટલો બધો છે કે તેઓ ઉડાઉ દિકરાના પિતાની જેમ રાહ જોશે, જેઓ દરરોજ તેની રાહ જોતા હતા, તેના પાછા આવવાની રાહ જોતા હતા. તે આપણા આકાશમાંના પિતાનો પ્રેમ છે! તેઓ હજુ પણ તમારી રાહ જોઈ રહ્યા છે.

વહાલા ભાઈઓ તથા બહેનો, ઈશ્વર તમને બંધનમાંથી છોડાવવા માંગે છે! તમે શાની સાથે બંધાયેલા છો?

આપણામાંથી કેટલાક બંધનમાંથી છૂટા થવા માંગતા નથી કારણ કે આપણા મન અને હૃદય એકબીજાથી વિરોધાભાસી છે. આપણે કહીએ છીએ, ''પ્રભુ, તમારી ઈચ્છા પૂર્ણ થાઓ,'' પણ પછી આપણે કહીએ છીએ, ''પ્રભુ, મારા હૃદયની ઈચ્છાઓ પૂર્ણ કરો.'' આ વિરોધાભાસ આપણને આપણા ખ્રિસ્તી ચાલમાં પાછળ રાખે છે. ઈશ્વર ઈચ્છે છે કે તેમણે આપણા માટે જે આયોજન કર્યું છે તે તરફ આપણે આગળ વધીએ, પરંતુ આપણે આપણી પોતાની ઈચ્છાઓથી પાછળ રહીએ છીએ.

(આગળ પાન ૬ પર...)


**નિવાસી બાઈબલ અભ્યાસક્રમ**

**નહેમ્યા બાઈબલ કોલેજ, ચૈનાઈ**

**માધ્યમ : हिंदी**

ECHO OF HIS CALL 1968-2018 (ECHO GROUP)

**આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો દ્વારા છેલ્લા ૫૪ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.**

પ્રવેશ લેવા ઝડપ કરો!

**ઈશ્વરવિદ્યામાં સર્ટીફિકેટ**

**ઈશ્વરવિદ્યામાં ડિપ્લોમા**

શૈક્ષણિક પાત્રતા : ૧૦મું ધોરણ અને વધુ

**સંપર્ક કરો : અધ્યક્ષ : નહેમ્યા બાઈબલ કોલેજ**

૧૦, મહોમદ અબદુલ્લા બીજી ગલ્લી, ક્રિકેટ સ્ટેડીયમની સામે, ચેપોક, ચેનાઈ-૬૦૦૦૦૫, ભારત

ફોન. : (+૯૧-૦૪૪) ૨૮૫૨ ૮૨૮૨, મો.: ૯૮૪૧૦ ૭૧૮૫૨, ૯૫૬૬૧ ૩૧૮૫૮

E-mail: sam@echoofhiscall.org Websites : www.echoofhiscall.org

★ ઓનલાઈન ક્લાસ ઉપલબ્ધ છે ★

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ જૂન ૨૦૨૪ થી ૧૮ જુલાઈ ૨૦૨૪ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ✝ સ્તુતિનાં મુદ્દાઓ

**જૂન ૧૯** : ૧૯૬૯થી ચાલતી આપણી સામયિક મિનિસ્ટ્રી માટેની અમારી પ્રતિબદ્ધતા પરના તેમના આશીર્વાદોને માટે.

**જૂન ૨૦** : અમારી નિવાસી અને સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલેજને** માટે વિદ્યાર્થીઓનો સંપર્ક કરવાના અમારા પ્રયત્નોને આશીર્વાદિત કર્યા માટે.

**જૂન ૨૧** : ૧લી જૂન ૨૦૨૪ના રોજ અદ્ભૂત રીતે આયોજિત અમારા **નહેમ્યા બાઈબલ કોલેજના** પદવીદાન સમારંભને આશીર્વાદિત કરવા માટે.

**જૂન ૨૨** : શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ને સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે અમારી નિવાસી અને સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલેજને** અને **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલને** આશીર્વાદિત કરવા માટે.

**જૂન ૨૩** : તામિલ, તેલુગુ, અંગ્રેજી અને હિન્દી ભાષાઓમાં અમારા **ઈકો ઓફ હીજ કોલ** યુટ્યુબ સંદેશાઓને આશીર્વાદિત કરવા માટે.

**જૂન ૨૪** : અમારા મુખ્ય ચર્ચ અને શાખા ચર્ચો દ્વારા આયોજિત વેકેશન બાઈબલ શાળાને આશીર્વાદિત કરવા માટે. .

**જૂન ૨૫** : આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબો પર તેમની કૃપાળુ દયાને વિસ્તારવા માટે.

**જૂન ૨૬** : જુવાનો અને બાળકોની કાળજી કરનાર સેવાકાર્ય માટેના અમારા જુવાનો તથા બાળકોની કાળજી કરનાર **વૈશ્વિક દર્શન મિનિસ્ટ્રી** પરના તેમના આશીર્વાદો માટે, ખાસ કરીને દરરોજ રાત્રે ૧૦.૦૦ વાગ્યે વિશ્વભરના જુવાનો અને બાળકો માટેની થતી પ્રાર્થના માટે.

**જૂન ૨૭** : અત્યાર સુધી સંસ્થા ચલાવવામાં અમારા પ્રયાસોને ફળદાયી બનાવવા માટે.

**જૂન ૨૮** : અમારા શુભચિંતકોની પ્રાર્થના અને નાણાકીય સહાયને માટે.

**જૂન ૨૯** : ૧૩મી મે ૨૦૨૪ના રોજ યોજાયેલ અમારા **નહેમ્યા બાઈબલ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની ઉજવણી** પરના તેમના આશીર્વાદને માટે.

**જૂન ૩૦** : અમારા વડીલ પાળકને અને તેમના પરિવારના સભ્યોને તમામ પ્રકારની દુષ્ટ પરિબળોથી સુરક્ષિત રાખવા માટે.

**જુલાઈ ૦૧** : અમારી મિનિસ્ટ્રીને સમર્પિત સહયોગી સંપાદકો સાથે આશીર્વાદિત કરવા માટે, જેઓ **ઈકો ઓફ હીજ કોલ** સામયિક મિનિસ્ટ્રીને સમર્થન આપે છે.

**જુલાઈ ૦૨** : અમારી **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ, નહેમ્યા બાઈબલ કોલેજ** અને **બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો** પરના તેમના આશીર્વાદો માટે.

**જુલાઈ ૦૩** : **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીના કર્મચારીઓ અને તેમના પરિવારોનું રક્ષણ કરવા માટે.

## ✝ પ્રાર્થનાનાં મુદ્દાઓ

**જુલાઈ ૦૪** : ઈશ્વર વધુ સમર્પિત કાર્યકરોને આપણા **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીજમાં લાવે તે માટે.

**જુલાઈ ૦૫** : વિશ્વભરમાં આયોજિત વેકેશન બાઈબલ સ્કૂલના વર્ગો દ્વારા બચાવ પામેલા બાળકો અને યુવાનો માટે.

**જુલાઈ ૦૬** : શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે આપણી નિવાસી અને સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલેજ** માટે લાયક વિદ્યાર્થીઓનો પ્રવેશ થાય તે માટે.

**જુલાઈ ૦૭** : શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે અમારી **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ** માટે નવા વિદ્યાર્થીઓનો પ્રવેશ થાય તે માટે.

**જુલાઈ ૦૮** : મિશનરીઓના દૈવી રક્ષણ માટે કે જેઓ દૂરના વણખેડાયેલા વિસ્તારોમાંના લોકો સુધી સુવાર્તા ફેલાવી રહ્યા છે.

**જુલાઈ ૦૯** : અમારા કાર્યાલયના કર્મચારીઓ માટે અને છાપખાનાના કર્મચારીઓના સારા સ્વાસ્થ્ય માટે.

**જુલાઈ ૧૦** : ઈશ્વર આ મહિનાની અમારી જરૂરિયાતો પૂરી કરે તે માટે.

**જુલાઈ ૧૧** : કચડાયેલા લોકોના આર્થિક ઉત્થાન માટે.

**જુલાઈ ૧૨** : ઈશ્વર ઈશ્વરનું ભય રાખતા આગેવાનો સાથે તમામ દેશોને આશીર્વાદ આપે તે માટે.

**જુલાઈ ૧૩** : અમને ભારતના વણખેડાયેલા લોકો સુધી પહોંચવામાં સક્ષમ બનાવવા માટે.

**જુલાઈ ૧૪** : સમગ્ર વિશ્વમાં શાંતિ પ્રવર્તે તે માટે.

**જુલાઈ ૧૫** : આપણા વડીલ પાળકને તેમની આત્મકથા લખવામાં સફળતા આપવા માટે.

**જુલાઈ ૧૬** : અમારા મિનિસ્ટ્રીજના વિસ્તરણ માટે અને સુવાર્તાનો વિશ્વવ્યાપી પ્રચાર થાય તે માટે.

**જુલાઈ ૧૭** : આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના કુટુંબના સલામત જીવનને માટે કે દરેક દુષ્ટ પરિબળોથી તેમને સુરક્ષિત રાખવા માટે.

**જુલાઈ ૧૮** : સમગ્ર વિશ્વમાં મિશનરી કાર્યકરોના દૈવી રક્ષણને માટે.

(પાન ૪ પરથી આગળ...)

તમે યહોવા પ્રભુની સેવા કરવા અને તેમના માટે આનંદદાયક જીવન જીવવા



*ઈશ્વર તમારા આંસુઓ જાણે છે !*

માંગો છો, પરંતુ તમે બંધાયેલા છો, ચાલવામાં અસમર્થ છો. તૂટેલી મનની સ્થિતિમાં, કચડાયેલી લાગણીમાં, ફક્ત ઈશ્વર જ તમારા હૃદયને જાણે છે. લોકો ફક્ત તમારું સ્મિત જુએ છે; રાતના અંધકારમાં તમે જે આંસુ વહાવ્યા તે કોઈ જાણતું નથી.

તમને જે અવરોધોથી બાંધવામાં આવ્યા છે, તમારી પ્રગતિમાં અવરોધ ઉભી કરતી ગૂંચવણોમાંથી ઈશ્વર તમને મુક્ત કરવા ઈચ્છે છે. ઈસુ ખ્રિસ્તની તરફ ફરો; તેઓ સક્રિય રીતે વ્યક્તિઓને બંધનમાંથી મુક્ત કરી રહ્યા છે, છૂટકારો અપાવે છે. આ તમારી ક્ષણ છે;

તમને બંધનમાં રાખેલા સંબંધોથી છૂટા કરવા માટે ઈશ્વરને વિનંતી કરો. સ્વતંત્રતાની, મુક્તિ અને ઉન્નતિની શોધ કરો, તમારી મુસાફરીમાં અવરોધ ઉભી કરતા ચક્રોમાંથી મુક્ત થઈને.

## બલામ તથા બાલાક !

ગણનાના પુસ્તકનો ૨૨મો અધ્યાય બલામ પ્રબોધકની વાત કહે છે. બાઈબલ કહે છે કે તેની પાસે આશીર્વાદ અને શાપ આપવાની શક્તિ હતી, તેથી મોઆબના રાજાએ બલામને ઈસ્રાએલીઓને શાપ આપવા માટે ત્રણ વખત વિનંતી કરી



*મોઆબનો રાજા ઈસ્રાએલીઓને શાપ આપવા માટે બલામને વિનંતી કરે છે.*

હતી. શરૂઆતથી જ, તે જાણતો હતો કે તે ઈશ્વરની ઈચ્છા નથી.


જો કે, તે ચાર રસ્તા પર બાંધેલા ગધેડા જેવો હતો - પૈસા, ખ્યાતિ, સંપત્તિ, સત્તા, અધિકાર અને લક્ષ સાથે જોડાયેલો હતો. તે ઈશ્વર શું ઈચ્છે છે અને તે શું ઈચ્છે છે તેનું અનુસરણ કરવા વચ્ચે ફસાઈ ગયો હતો.

વહાલા મિત્રો, જો તમે બલામ જેવા ચાર રસ્તાની વચ્ચે રહેવાનું ચાલુ રાખશો, તો તે સુખદ સવારી નહિ હોય. યહોવા પ્રભુનો દૂત તેની સામે વિરોધી તરીકે તેના રસ્તામાં ઊભો રહ્યો હતો.

**“તેની સામે થવાને માટે યહોવાનો દૂત રસ્તામાં ઊભો રહ્યો.”** જો તમે આજે તમારો રસ્તો નહિ બદલો, તો તેઓ તમારી સામે તરવાર લઈને ઊભા રહેશે.

ઈશ્વર તમને બંધનમાંથી છૂટા કરવા તૈયાર છે, પરંતુ પ્રશ્ન એ છે કે, શું તમે પોતાની જાતને છોડાવવા માંગો છો?

## ૩. તેને લઈ આવો!



ઈશ્વર તમારી રાહ જોઈ રહ્યા છે કે તમે તમારી જાતને છોડો જેથી તેઓ તમને પાછા લાવી શકે.

જ્યારે ઈશ્વર તમને પાછા ઈચ્છે છે, ત્યારે તે જરૂરી નથી કે તમે પહેલા સંત બનો અને પછી તેમની પાસે આવો. તમે જેવા છો તેવા તમારા સામાન સાથે,

(આગળ પાન ૯ પર...)

નહેમ્યા બાઈબલ
સાંધ્ય કોલેજ
ચેપોક તથા સંથોષપૂરમ, ચૈનાઈ.
માધ્યમ : તમિલ
આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો દ્વારા છેલ્લા ૫૪ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.
ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE
REACHING NATIONS
પ્રવેશ લેવા ઝડપ કરો!
ઈશ્વરવિદ્યામાં સર્ટીફિકેટ
ઈશ્વરવિદ્યામાં ડિપ્લોમ
શૈક્ષણિક પાત્રતા : ૧૦મું ધોરણ અને વધુ
મહેરબાની કરીને સંપર્ક કરો
અધ્યક્ષ : નહેમ્યા બાઈબલ કોલેજ
૧૦, મહોમદ અબદુલ્લા બીજી ગલ્લી, ક્રિકેટ સ્ટેડીયમની સામે, ચેપોક, ચેનાઈ-૬૦૦૦૦૫, ભારત
ફોન. : (+૯૧-૦૪૪) ૨૮૫૨ ૮૨૮૨, મો.: ૯૮૪૧૦ ૭૧૮૫૨, ૯૫૬૬૧ ૩૧૮૫૮
E-mail: sam@echoofhiscall.org Websites : www.echoofhiscall.org

## અમારા મુખ્યાલયમાં ચાલતી અમારી મિનિસ્ટ્રીજને માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

૧. પ્રાર્થના ભજનસેવા - ૨૪ કલાકો.
૨. **બાઈબલકોર** - બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો અંગ્રેજી, તામિલ અને હિન્દી.
૩. **ઈકો ઓફ હીજ કોલ** - માસિક સામયિકો : અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૪. નહેમ્યાહ બાઈબલ કોલેજો - (બે કેન્દ્રો) (સાંધ્ય / નિવાસી)
૫. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૬. મહાન આદેશના ભાગીદારો - (પાળકોનું માળખું)
૭. તાલિમ કાર્યક્રમો
૮. ક્રુસેડો
૯. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૦. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૧. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૨. રવિવારની શાખા - રવિવારે સવારે ૮.૩૦ અને સાંજે ૪.૦૦ વાગે.
**૧૩. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે અને ૧૦.૦૦ વાગે**
**૧૪. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૪.૦૦ વાગે**
**૧૫. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૧૬. અંગ્રેજીને તામિલ ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
૧૭. મહિલાઓની પ્રાર્થના - બુધવારે સાંજે ૫.૦૦ વાગે
૧૮. પૂરૂષોની પ્રાર્થના - શુક્રવારે સાંજે ૫.૦૦ વાગે
૧૯. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૦. ગૃહ બેઠકસભા - મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૧. ખાસ પ્રભુ ભોજન - મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૨. સેવકોની સમીક્ષા બેઠક - પ્રથમ શનિવારે સાંજે ૫.૩૦ વાગે
૨૩. માતાપિતાઓની પ્રાર્થના - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૨૪. રાત્રી પ્રાર્થના - બીજા શુક્વારે રાત્રે ૯.૩૦ વાગે
૨૫. ઉપવાસ સાથેની પ્રાર્થના - ત્રીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૨૬. પવિત્ર સહભાગીતા/પ્રભુ ભોજન - બીજા રવિવારની ભજનસેવા વખતે
૨૭. સવારની ભક્તિ - દરરોજ સવારે ૫.૦૦ વાગે
૨૮. કર્મચારીઓની તાલીમ - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૨૯. કાયાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ (રવિવાર સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

The Chairman, Nehemiah Bible College,
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in

## ઈકો ઓફ હીજ કોલ
### માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| Account Name | : | ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : | 1023 2923 805 |
| Bank Name | : | STATE BANK OF INDIA |
| Branch | : | TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

"જે વાંચે, તે સમજે" (માથ્થી ૨૪:૧૫)

# ઈસુ ખ્રિસ્ત ! - ચમત્કાર કરનાર કાર્યકર!

## જો કોઈ મારી સેવા કરતો હોય, તો બાપ તેને માન આપશે - યોહાન ૧૨:૨૬

ઈશ્વરે જુદા જુદા પ્રસંગોએ મારી મારફતે મોટા કાર્યો કર્યા હતા. મુખ્યાલયમાં અને બહારના સ્થળોએ પણ મિનિસ્ટ્રીમાં ચમત્કારો અને અજાયબીઓ કરાવીને ઈશ્વરે મારું માન વધાર્યું હતું. તેમના દ્વારા આ મિનિસ્ટ્રીની સુવાસ વિશ્વના ઘણા ભાગોમાં ફેલાઈ ગઈ હતી. ઈશ્વરના નામનો મહિમા થાઓ.

એકવાર હું ઑસ્ટ્રેલિયામાં સિડની, મેલબોર્ન અને બ્રિસ્બેનમાં સેવાકાર્ય કરી રહ્યો હતો, ત્યારે ઘણા લોકોએ ઈશ્વરનો મહિમાવાન સ્પર્શ અનુભવ્યો હતો.

હું જ્યાં રહેતો હતો ત્યાં તે ઘરમાં એક દિવસ એક ઓસ્ટ્રેલિયન યુગલ મને મળવા આવ્યું. તેઓની આંખોમાં આંસુઓ હતા અને મને કહ્યું કે તેઓના લગ્નને ૧૩ વર્ષ થયા હોવા છતાં તેમને કોઈ સંતાન નથી. તેઓએ મને એમ પણ કહ્યું કે તેઓ શાંતિપૂર્ણ રીતે છૂટાછેડા લેવા માટે અરજી કરવા જઈ રહ્યા છે. તેઓએ મને તેના માટે પ્રાર્થના કરવાનું કહ્યું (તેમના દેશમાં છૂટાછેડા લેવા એ ખૂબ સામાન્ય બાબત છે).

મેં ઘણું દુઃખ અનુભવ્યું. તેથી મેં તેમને પૂછ્યું કે શું હું પ્રાર્થના કરી શકું કે ઈશ્વર તેમને બાળક આપે. તેઓ મારા પર હસ્યા અને મને કહ્યું કે તેઓ ઘણા પ્રખ્યાત ડોકટરો પાસે ગયા છે અને તેઓ કંઈ કરી શક્યા નથી. તેઓએ મને પ્રશ્ન કર્યો કેઃ પ્રાર્થના બાળક કેવી રીતે લાવી શકે?" તેથી હું તેમની સાથે બેઠો, તેમને વિશ્વાસ અને તેના પરિણામો વિશે અને ઈશ્વરના સામર્થ્ય વિશે સલાહ આપી. પાછળથી મેં આત્મામાં તેમના માટે આતુરતાપૂર્વક પ્રાર્થના કરી.

ઈશ્વરની સ્તુતિ થાઓ! લગભગ બે મહિના પછી હું ઓસ્ટ્રેલિયા છોડીને ભારત આવી રહ્યો હતો. જ્યારે હું એરપોર્ટ પર પહોંચ્યો, ત્યારે મેં જોયું કે યુગલ મારા માટે ભેટોનું એક મોટું પેકેટ લાવી રહ્યા હતા. હું એ જોઈને આશ્ચર્ય પામ્યો હતો કે તેઓ એરપોર્ટ પર લગભગ દસ મિનિટ સુધી રડી પડ્યા હતા. આખી ભીડ એ જોઈ રહી હતી.

આખરે પતિએ મને કહ્યું કે તેની પત્ની ગર્ભવતી થઈ છે અને તે દિવસે ડોકટરોએ તે વાતની પુષ્ટિ કરી છે. તેઓ ખૂબ જ ખુશ હતા અને ભેટના પાર્સલમાં તેઓએ ઘણાં કપડાં અને મારી મિનિસ્ટ્રી માટે ઉપયોગી વસ્તુઓ રાખી હતી. ઈશ્વરે તેઓને એક પુત્રી આપી હતી અને બાદમાં તેમણે વધુ બે પુત્રો આપ્યા હતા અને તેમને આશીર્વાદિત કર્યા હતા.



*ઈશ્વરે ત્રણ બાળકો આપ્યા છે અને તેમને આશીર્વાદિત કર્યા હતા.*

વહાલા મિત્રો, ઈશ્વર તમારા જીવનમાં પણ એવા જ ચમત્કાર કરવા સક્ષમ છે. ઈશ્વરમાં વિશ્વાસ રાખો અને વિશ્વાસ સાથે તેમને વિનંતી કરો. તેઓ તમારી બધી જરૂરિયાતો પૂરી કરશે.

પ્રભુ અને તારણહાર ઈસુ ખ્રિસ્ત, જેમના નામનો હું ઉપદેશ આપું છું, તેઓ નિઃસંતાન યુગલોને બાળક આપવા સક્ષમ છે, બીમાર શરીરોને સાજા કરે છે અને અન્ય આશીર્વાદો આપે છે. તેઓ ગઈકાલે, આજે અને સદાકાળ એવાને એવા જ છે. ઈશ્વરનો મહિમા થાઓ!

(પાન ૬ પરથી આગળ...)

પીડા, નિરાશા, ગુસ્સો, હતાશા, હાર અને એકલતા સાથે આવો.

ઈસુ ખ્રિસ્ત તમારા સંઘર્ષો સાથે સહાનુભૂતિ ધરાવે છે. તેમના જીવનના અંતિમ કલાકોમાં, સામાન્ય રીતે લોકોની ભીડથી ઘેરાયેલા હોવા છતાં, તેમણે ગેથસેમાની વાડીમાં ગહન એકલતાનો અનુભવ કર્યો હતો. તમારી પાસે સંપત્તિ, પ્રભાવ અને ખ્યાતિ હોઈ શકે છે, તેમ છતાં તમે હજુ પણ એકલતા સાથે ઝઝૂમી શકો છો. ઈશ્વર એકલતાના ઊંડાણોને સમજે છે; તેમણે આદમની એકલતાને દૂર કરવા માટે હવાની રચના કરી હતી. તેમ છતાં, આપણામાંના ઘણા એકલતા અને વિખેરાઈ જવાની અવર્ણનીય વેદના સાથે દલીલ કરે છે.

ઈશ્વર તમને શોધે છે; તેઓ તમને બંધનમાંથી છોડાવવા માંગે છે જેથી તેઓ તમને તેમની પાસે લાવી શકે.

તમે કદાચ ભંગીત હૃદયના, અપમાનિત, પરાજિત હોઈ શકો છો, પણ ઈશ્વર આજે તમને છોડાવવા માંગે છે.

**"આશાભંગ થયેલાઓની પાસે યહોવા છે, અને નમ્ર આત્માવાળાને તે તારે છે."** - ગીતશાસ્ત્ર ૩૪:૧૮

*** હૃદયભંગ થયેલાંને તે સાજાં**



કરે છે; તે તેઓના ઘાને રૂઝવે છે. - ગીતશાસ્ત્ર ૧૪૭:૩

* હું ઉચ્ચસ્થાને તથા પવિત્રસ્થાને રહું છું, વળી જે અંતઃકરણથી પશ્ચાતાપ કરે છે તથા નમ્ર છે તેની સાથે પણ વસું છું, જેથી હું નમ્રોના આત્માને અને પશ્ચાતાપ કરનારાઓના હૃદયને ઉત્તેજિત કરું. - યશાયા ૫૭:૧૫.

હૃદયભંગ એ ઈશ્વરને કંઈક નવું બનાવવા માટે પૂર્વ-શરત છે.

તમે પાપ, ખરાબ ટેવો, માંદગી, નાણાકીય મુશ્કેલીઓ, પેઢીના શાપ અથવા પરંપરાઓ સાથે બંધાયેલા હોઈ શકો છો, પણ ઈશ્વર તમને છોડાવવા તૈયાર છે કેમ કે તેઓ તમને પ્રેમ કરે છે અને તને પાછા ફરો એમ તેઓ ઈચ્છે છે. જો તમને એવું લાગતું હોય કે તમે ઈશ્વરથી ખૂબ દૂર નાસી રહ્યા છો, તો યાદ રાખો, તેઓ કહે છે, ‘‘હું ઈચ્છું છું કે તમે પાછા ફરો .‘‘ શું તમે તેમની પાસે પાછા ફરશો?



ઈશ્વર તમારા ભૂતકાળ વિશે ચિંતિત નથી. રાહાબ, માથ્થી, જાખ્ખી, બધાનો ભૂતકાળ મુશ્કેલ હતો, પણ તેઓનો ભૂતકાળ તેમના વર્તમાન કે ભવિષ્યને નિર્ધારિત કરતો ન હતો. ઈશ્વર તમને ઈચ્છે છે! શું તમે ઈચ્છો છો કે ઈશ્વર તમને બંધનમાંથી મુક્ત કરે?

ઘણા રસ્તાની મધ્યે ઉભા છે; તેમને શરણ જવા માટે આજે તમારું મન બનાવો.

જો તમે આત્મસમર્પણ કરવાનો નકાર કરો છો, તો ઈશ્વર તમને જવા દેશે, પરંતુ તમારે પરિણામોનો સામનો કરવો પડશે.

**યાદ રાખો, પ્રભુને તમારો ખપ છે!**

********

## ગીતશાસ્ત્ર ૧૦૩:૨૧-૨૨

**“હે યહોવાનાં સર્વ સૈન્યો, તેની ઈચ્છાને અનુસરનાર તેના સેવકો, તમે તેને સ્તુત્ય માનો.”**

**“યહોવાના રાજ્યનાં સર્વ ઠેકાણાંમાં તેનાં સૌ કૃત્યો તેને સ્તુત્ય માનો; અરે મારા આત્મા, તું યહોવાને સ્તુત્ય માન.”**


## જોઈએ છીએ

**ચૈનાઈમાંની ઈકો ઓફ હિજ કોલની નહેમ્યા બાઈબલ કોલેજ માટે**

*** હિન્દી ભાષા ***

**ડીન (નિવાસી)**

M. Div. /M. Th. Degree **અને અનુભવ સાથે હિન્દી ધર્મશાસ્ત્રી. જમવા, રહેવાની વ્યવસ્થા કરવામાં આવશે અને પગાર ચૂકવવામાં આવશે. અમને લાયક હિન્દી વિદ્યાર્થીઓની પણ જરૂરિયાત છે. લાયક ઉમેદવારો નીચેના સરનામે બાયોડેટા મોકલી શકે છેઃ**

Email : samechoofhiscall.org
WhatsApp: (+૯૧) ૯૮૪૧૦૭૧૮૫૮

## સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ

**મેદાવક્કમ, ચૈનાઈ - ૧૦૦**

*ઈકો ઓફ હીજ કોલની સંસ્થા*

* અનુભવી શિક્ષકો
* શ્રેષ્ઠ કોચિંગ
* રમવાની રીત
* ઘણી બધી રમત સામગ્રી
* ચિત્રકામ અને રંગકામ
* ગીતો, નૃત્ય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ
* બોલાતી અંગ્રેજી
* સામાન્ય ફી માળખું
* વાતાનુકૂલિત વર્ગખંડો

**પ્રવેશ ચાલુ છે!**
**પ્રિ કે. જી. થી દસમા ધોરણ સુધી**

**હમણાં જ નોંધણી કરો!**

અરજી કરવા માટે શાળા કાર્યાલયની મુલાકાત લો/ અમારો સંપર્ક કરો :
ફોન નંબર- ૯૬૩૯૬૩૧૨૯૫, ૦૪૪-૨૨૭૮૦૫૭૪


## કૃપા કરીને ધ્યાન આપશો!

### પાળક એસ. સામ સેલ્વરાજની આત્મકથા

અમે પાળક એસ. સામ સેલ્વરાજની આત્મકથાને પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવાના અંતિમ તબક્કામાં છીએ. **અમે તમારી સાક્ષીઓ માટે વિનંતી કરીએ છીએ, જે દસ લીટીઓ સુધીની હોઈ શકે છે, જેમાં ઈશ્વરે તેમની મિનિસ્ટ્રી દ્વારા તમારા આત્મિક વિકાસને કેવી રીતે પ્રભાવિત કર્યો છે તેની વિગત હોય.** વધુમાં, જો તમે આત્મકથામાં સમાવેશ કરવા માટે તમારો એક ફોટો મોકલશો તો અમે તેની કદર કરીશું.

**- સંપાદક**

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## ઈકો ઓફ હીજ કોલ

### યુટ્યુબ
### સબસ્ક્રાઈબ કરો

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીજ કોલ યુટ્યુબ ચેનલ** જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

**– સંપાદક**

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**

*****

**E.mail : sam@echoofhiscall.org**

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

**RNI NO. 70103/98**
**Postal Regn. No. TN/CH/(C)/203/24-26**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**

**on 15th JUNE 2024**

**If un-delivered please return to:**

**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**